શ્રી

जिनगुणरत्नमाळा

ભાગ ૧ લો.

રચનાર

સાંકળચંદ પીતાંબરદાસ શાહ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી લઘુજૈનધર્મપ્રવર્તક સભા.

દોહરો.

ભક્તિ સ્તુતિ જિનરાજની. આપે મંગળ માળ,
રત્નમાળ જિનગુણ તણી, કંઠાભરણ વિશાળ.

આવૃત્તિ ૧ લી.

અમદાવાદ.

ધી યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડ.

સંવત ૧૯૫૪. સને ૧૮૯૮.

કિંમત રૂ ૦-૨-૦

શ્રી

જિનગુણરત્નમાળા

ભાગ ૧ લો.

રચનાર

સાંકળચંદ પીતાંબરદાસ શાહ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી લઘુજૈનધર્મપ્રવર્તક સભા.

દોહરો.

ભક્તિ સ્તુતિ જિનરાજની, આપે મંગળ માળ,
રત્નમાળ જિનગુણ તણી, કંઠાભરણ વિશાળ.

આવૃત્તિ ૧ લી.

અમદાવાદ.

ધી યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડ.

સંવત્ ૧૯૫૪. સને ૧૮૯૮.

કિમ્મત રૂ ૦-૨-૦

અર્પણપત્રિકા.

નામદાર શેઠ. માણેકચંદભાઈ કપૂરચંદ,

સ્થળ મુંબાઈ.

આપ ઉદાર, ગંભીર. વિવેકવીર અને ધર્મધીર પુરુષછો, પરમાર્થ કરવામાં કુશળછો, પરોપકાર એ આપનો સ્વાભાવિક ગુણ છે, નીતિ સાથે આપને ચિરકાળની પ્રીતી છે;

આપ જૈનકોમમાં એક નામાંકિત ગૃહસ્થ છો. દેવદ્રવ્ય. સાધારણદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય અને મર્યાદા ફંડની આપ સારી સંભાળ રાખો છો. પ્લેગ (મરકી) ના ભયંકર રોગમાંથી મનુષ્ય જાતને મુક્ત કરવામાં આપે તન મન ધનથી પુષ્કળ મદત કરી છે, દવાખાનાં ઉઘાડી દવા આપી દરદીઓની સારી માવજત રાખી છે અને તેજ કામમાં આફતની વેળાએ મુંબાઈ શેહેરમાં કાળની સાથે અડગ રહી આપે માનવ ભવ પાવન કર્યો છે, તથા જૈનીયો, દુઃખના વખતમાં મુંબાઈ છોડી પોત પોતાના વતનમાં જતા રહેવાથી જૈન દેરાસર બંધ થવાની વખતે આપે દૃઢતાથી ધીરજ રાખી દેવ સેવામાં અને દેવસ્થાનોની સંભાળ રાખવામાં કાંઈ મણા રાખી નથી, ઈત્યાદિક અનેક સ્તુતિપાત્ર ગુણોથી પ્રસન્ન થઈ શ્રી **"જિનગુણરત્નમાળા"** નામનું લઘુ પણ અતિ મનોહર પુસ્તક કીર્તિની મૂર્તિ રૂપ આપ નરરત્નને આ સભા અર્પણ કરે છે તે સ્વિકારશોજી.

શ્રી લઘુ જૈનધર્મપ્રવર્તક સભા,

અમદાવાદ.

ઉપોદ્‌ઘાત.

પ્રિય વાચકવર્ગને વિનંતી કરવામાં આવે છે કે આ લઘુ પણ અતિ રમણિક પુસ્તક કેવળજ્ઞાન ભાસ્કર શ્રી જિનેશ્વર ભગવાનના ગુણોથી ગુંથેલું છે, તેની રચના આધુનિક લોકપ્રિય રાગોમાં કરી છે. પણ તેમાં માત્ર ભક્તિભાવ અને વૈરાગ્ય શિવાય નાટકને છાજતા મોહનીય શબ્દો અથવા તો આભાસ બિલકુલ આવ્યો નથી.

કાવ્ય રચનામાં સરળતા, મધુરતા, અલંકાર, હેતુ યુક્તિ અને પદસમાસ અવસ્ય જરૂરનાં છે. જ્યારે એમ હોય ત્યારેજ કાવ્ય કૌસ્તુભની પરીક્ષા તેના વાચક વર્ગ રૂપ ઝવેરી કરી શકે છે. તેથી કર્તાએ ઘણો શ્રમ લેઈ આ પુસ્તકની કૃતિ ચમત્કૃતિ ભરેલી કરી છે તે સફળ કરવાનું કામ પ્રિય વાચક વર્ગને સોંપવામાં આવે છે.

આ પુસ્તક રચી જગત્‌ પ્રસિદ્ધ મહા પ્રભાવક પંડિત પ્રવર મુનિરાજ શ્રી શ્રી ૭ શ્રી મોહનલાલજી મહારાજની દૃષ્ટિગોચર કરાવ્યું છે. તે કૃપાળુ માહાત્માએ આ પુસ્તકને માટે ઉત્તમ પ્રકારનો વિચાર ધરાવી આપેલી તસ્દી દરગુજર કરી છે તેને

માટે આ સભા તેઉ સાહેબનો મોટો આભાર માનેછે.

ચંદ્ર અને સમુદ્રને હજારો ગાઉનું અંતર છતાં તેના દર્શન માત્રથી સમુદ્રમાં ભરતી થાય છે તો એવા માહાત્મા પુરુષો વિદ્યમાન છતાં તેમની નિકટ દૃષ્ટિ રૂપ સુદૃષ્ટિથી ભવ્ય પુરુષોના મન રૂપી સાગરમાં ભરતી થાય તેમાં કાંઈ નવાઈ નથી. એ ભરતીના કલ્લોલ, વાણી દ્વારાએ નીકળી શ્રી જિનેશ્વર ભગવાનના ગુણોની રત્નમાળામાં ગુંથાય અને તેનો પ્રકાશ દસે દિશામાં પ્રસરે તથા સજ્જન વર્ગને આલ્હાદ ઉપજાવે એ પરમ આનંદની વાત છે.

આ સભામાં જૈન પ્રકરણાદિક સંબંધી જૈનધર્મના બાળ વિદ્યાર્થિઓને હમ્મેશ બોધ આપવામાં આવે છે, અને શ્રી અરિહંત ભગવંતના ગુણ ગાઈ વિદ્યાર્થીઓ પોતાની રસના પાવન કરે છે તેથી સંતોષ માની આ પુસ્તકના કર્તાએ આ પુસ્તકની પહેલી આવૃત્તિ આ સભાને ભેટ કરી પોતાની ઉદારતા સફળ કરી છે. તેને માટે આ સભા તેમનો મોટો આભાર માને છે.

સંવત્ ૧૯૫૪ના | શ્રી લઘુજૈનધર્મપ્રવર્તક સભા.
પોસ શુદિ ૨ | ધુસાપારેખની પોળ. અમદાવાદ.

શ્રી

જિનગુણરત્નમાળા

ભાગ ૧ લો.

મંગળાચરણ.

૧.

શિખરિણી છંદ.

નમૂં આદી દેવા ઋષભ રસના પાવન કરો,
વિભૂ કાપો તાપો અતુલ અમ પાપો પરિહરો;
સદા માગે સ્વામી પદકજ સુસેવા અનુચરો,
હરો આધી વ્યાધી અખુટનિધિ નાભી સુતભરો. ૧
સદા શાંતિ સ્થાપો સકળ સ્થળ શાંતી જિનવરા,
હરો મારા તાપો ધરમ ધિર ધોરી ધુરધરા;

ખપે પાપો માપો જપું સતત જાપો જયકરા,
ઉરે વ્યાપી આપો પરમ પદ શાંતી મુનિવરા.

ત્રોટક છંદ.

જય નેમિ જિનેશ્વર દેવ નમો,
ભવ તાપ વમો નવિ ચક્ર ભમો;
યદુવંશ દિવાકર ચિત્ત રમો,
અઘ આદિ અનાદિતણા વિરમો. ૩
પુરુષોતમ પાસ જિણંદ ભજો,
જગનાયક લાયક સેવ સજો;
કમઠાસુરપે નવિ રોષ ધરે,
ધરણિંદ વિષે નવિ તોષ કરે. ૪
સમભાવ સદા વિતરાગ ધરે,
ભવ રોગ વિયોગ વિપાક હરે;
શુભ મંગળ કાજ વિભૂ સમરે,
જય થાય સદા જિન જાપ કરે. ૫

હરિણી છંદ.

જય જય વિભૂ સાચો જાચો મહાવિર સ્વામિને,

ગુણમણિ ગણી રાચો માચો વિભૂ પદ પામિને;
હર મમ સવી પાપો વ્યાપો સદા હૃદયાંબુજે,
ભવ ભય હરી તાપો આપો સદા સુખ માગું જે.

શ્રી સરસ્વતિ માતાની સ્તુતિ.

૨.

શાર્દૂલવિક્રિડીત છંદ.

દેવી શ્રીમદ્ ભારતી ભગવતી શ્વેતાંબરી શારદા,
વીણા ગ્રંથ સુદંડ ધારિ કરમાં આપે સદા સંપદા;
તે માતા મમ વાણિમાં રહિ સદા જીહ્વાગ્ર વાસોકરે
આ માળા જિનરાજના ગુણતણીકંઠસ્થભવ્યો ધરે
જે વાણી જિનરાજની સરસ્વતી પદ્માસને રાજતી,
યોગીરાજ મુખે વસી વર કવી કંઠે ગિરા ગાજતી;
પ્રારંભે કવિ માતનામ સમરી આધી ઉપાધી હરે,
આ માળા જિનરાજના ગુણતણી કંઠસ્થભવ્યો ધરે.

૩.

ઝૂલણા છંદ.

પતિત પાવનકરા પરમ યોગીશ્વરા,

ચરમ તીર્થંકરા ધ્યાન ધ્યાવું;
તિમિર મિથ્યાહરા રંક અભરાભરા,
કર્મની નિર્જરા હેત ગાવું;
ઘોર પાપી નરા કર ગ્રહી ઉદ્ધર્યા,
જિનવરા જયકરા માફ માગું;
ધીર ધૂરંધરા વીર જગદીશ્વરા,
પરમ પરમેશ્વરા પાય લાગું. ૧
પુન્ય પાવન ધરા જન્મ જ્યાં જિનવરા,
પાદપંકજ ધર્યા ભાગ્ય ભારી;
ભૂચરા ખેચરા નરવરા સુરવરા,
અનુચરા થઈ રહે રાત દારી;
ભવિક જન સુખકરા પરમપદ જે વર્યા,
દેખિ જિન ભાસ્કરા પુન્ય જાગ્યું. ધીર. ૨
દેવ ત્રિગડું રચે કિન્નરી ત્યાં નચે,
પર્ષદા બાર બિચ જિન બિરાજે;
મધુર દે દેશના પુણ્યની પોષણા,
ઘોષણા દુંદુભિ માંહી ગાજે,

છત્ર ત્રિક છાજતા મેઘ ધ્વનિ ગાજતા,
સાંભળી મોહદળ જાય ભાગ્યું. ધીર. ૩
બાર ગુણઽલંકર્યા સર્વ અતિશય ભર્યા,
વાણિ પાંત્રિશ વર્યા પંચ નાણી,
ધ્યાન જિનનું ધરે સકળ મંગળ કરે,
પરમપદ તે વરે ભવ્ય પ્રાણી,
આજ જિનરાજ જગ તાજ મ્હારાજ મમ,
ભાગિયા વૈરી બે ચાર ઠાગુ. ધીર. ૪

૪.

રાગ કલ્યાણ.

જયકારી જિનરાજ,
ઉપગારી બલિહારી જિન તારી;
જઉંવારી, જયકારી જીનરાજ.
સંસારે દુરવારે, પારાવારથી ઉતારે, જય.
આધિ ઉપાધિ વ્યાધી, ટાળી આપો સમાધી. જય.
અરજી પ્રભુ સ્વિકારો, લઘુ જૈનસભા તારો-જય.

૫.

ઓ અલબેલા, આવો આવો આવો. એ રાગ.

ઓ જિનરાયા આવો આવો મનમંદિર મહારાજ,
શાંત સુમુરતિની સુરતિને નિરખીને;
હરખું હૈયામાં આજ, ઓ જિનરાયા.
આપના નામનો જાપ જપું,
ચિર પાપ ખપી ભવ તાપ નિવારૂં;
છાપ ધરૂં મન વ્યાપી રહો તન,
આનનથી અરજી ઉચ્ચારૂં.
ધારક વિશ્વ વિનાયક લાયક,
દાયક શિવસુખ ભવજળ તારૂં;
હે ઉપગારી અરજ સ્વિકારી,પ્રભુ મમ કૃતિ સુધાર,
સાંકળચંદ સભા લઘુ જૈની, ભવ સાગરથી તાર;
જીવદયા પ્રતિપાળ, ઓ જિનરાયા આવો૦

૬.

ચાલીજા ચાલીજા અહિંથી ચુડેલ, એ રાગ.

વ્હાલાજી વ્હાલાજી પાસ જિણંદ,

જરા તેં નિવારી જાદવને ઉગારી;
જય વિશ્વે વિસ્તારી ટાળ્યો દુઃખ ફંદ,
કરમે નચાવી ભવ ફંદે ફસાવી,
દીધો છે ડુબાંવી બચાવો મુણિંદ;
બલિહારી જઉં વારી ત્હારી જિણંદ
ભવ વારી નિસ્તારી દ્યો સુખ કંદ,
સદા શરણુ રહીને પ્રભુ ગુણુ ગાઈને;
સભા લઘુ જૈને વર્તાવ્યો આણુંદ, વ્હાલાજી.

૭.

મંડપ રચ્યો આજ, એ રાગ.

જિનશાસનના શિરતાજ, મહાવીર નમું આજ;
જયવીર જિનેશ્વર સ્વામી, જગ જનના અંતરજામી.
તુજ પદકજ સેવા પામી, ભવિ ભ્રમર રહે શિરનામી.
ગતિ ચાર ચોકને વામી,તેપામેઅવિચળ રાજ, મ.
છો પરમ ધરમના ધ્યાતા, વળિમાત તાતજગ ત્રાતા,
કર કરમ મરમથી શાતા, તજિ શરમ કહું સુખદાતા;
કરુણાસાગરવિખ્યાત,જગગુરુછો ત્રિભુવનતાજ. મ.

હું મોહજાળમાં ફસીયો, પરછિદ્ર ગવેષણ રસિયો,
આશ્રવના ઘરમાં વસિયો, કુમતિ કુલટાએ કસિયો;
રતિ અરતિ ક્રોધ અહિ ડસિયો,
કરૂં અરજી ગરિબનિવાજ, મહાવીર૦ ૩
હું વિષય કષાયે રાચ્યો, મદ આઠ ઠાઠમાં માચ્યો,
કુદેવ કુગુરુને જાચ્યો, ભવ નાટકમાં નટ નાચ્યો;
તું વીતરાગ જગ સાચો, પ્રભુ રાખો મારી લાજ.મ.૪
પારસમણિના પરભાવે, જયમ લોહ કનક થઇ જાવે,
ત્યમ ધ્યાનાલંબન ધ્યાવે, સેવક નહિ દુરગતિ પાવે
લઘુ જૈનસભા ગુણ ગાવે,પ્રભુ સફળ કરો સૌ કાજ. મ.૫

૮.

મારા ચતુર શિરોમણી ભ્રાત, એ રાગ.

મારા કેસરિયા મહારાજ
ઋષભ જિન અરજી ધારજો,
મારા દાદા દુઃખડાં નિવારજ્યો,
મારા જિનજી દુઃખડાં નિવારજ્યો;
મારા પ્રભુજી દુઃખડાં નિવારજ્યો. મારા.

ભવ દવ સળગ્યો ચોપાસ,
દાસને બળતાં ઉગારજ્યો. મારા.
કુમતિ કુલટાનો સંગ,
અનાદિ વૈરી વિદારજ્યો. મારા.
ભવ દરીએ બૂડયું ઝાજ,
સાજ કરી જિનજી ઉધારજ્યો. મારા.
મહા ધિંગ ધુલેવા નાથ,
હાથ ગ્રહી ભવોદધિ ઉતારજ્યો. મારા.
પ્રભુ પામરપાળ દયાળ,
બાળની કૃતિયો સુધારજ્યો. મારા.
કહે સેવક સાંકળચંદ,
ફંદ ભવ ભવના નિવારજ્યો. મારા.
લઘુ જૈનસભા શિરતાજ,
આજ મનમંદિર પધારજ્યો. મારા.

૯.

સર્વે સખીયોને શિખ દઉં રે, એ રાગ.

ધરમ જિનેશ્વર ચરણ કમળ

ભવિ મધુકર સેવે,
પ્રમુદિત ચિત્ત હિત થાય વિમળ.
અક્ષય સુખ લેવે,
રત્નજડીત સિંહાસને રે લોલ,
બેઠા પ્રભુ પદમાસને રે લોલ;
આંગી અજબ હીરલે જડી રે લોલ.
નવલખી જિન અંગે ચડી રે લોલ,
મણિમય પ્રભુ શિર સોહે તાજ કે;
મુજ મન ઉલ્લસ્યો રે લોલ.
જે પ્રભુ ભવસાગરમાં ઝાજ કે,
મનમંદિર વસ્યોરે લોલ.

સાખી.

ધરમ ધુરંધર સાહેબો, સેવે સુર નર પાય;
અજરામર પદવી વર્યા, ચોહરાજ ગુણ ગાય.

કરુણા નજર કરો તમે રે લોલ,
તો ભવિ ભવમાં ના ભમે રે લોલ;
બે વૈરી ચાર ચોર ના દમે રે લોલ.

રોગ શોગ ભય ઉપશમે રે લોલ.

સાખી.

તુજ દૃષ્ટિ વૃષ્ટિ થતાં, પાપ પંક ધોવાય;
કરમ ભરમ દૂરે કરી, ચેતન નિર્મળ થાય.
આતમ અરપણ જિનપદ થાય કે,
જ્યોતી જગમગે રે લોલ.
ફરિ ભવ અટવીમાં ન ભમાય કે,
કુમતી ટગમગે રે લોલ.
લઘુ જૈનસભા ગાવે, પરમ આનંદ પાવે;
સેવક સાંકળચંદ, ભાવના પ્રભુની ભાવે.
ધરમ જિનેશ્વર.

૧૦.

બ્રહ્માજી શું શું કહીએ, એ રાગ.

દાદાજી પાય લાગું, કરજોડી માફ માગું;
વિમળાચળ મંડણ ઉપગારી,
ઋષભ જિણંદ જગત જયકારી;
જુગલા ધરમ નિવારી ધારી,

નીતી...રીતી... તાત તેં, દાદાજી. ૧

અભરાભર તુજ અખુટ ખજાનો,
ત્રિભુવનના જનને નહીં છાનો;
સેવકથી અંતર છે શાનો.
આપો...કાપો... પાપને, દાદાજી. ૨

જો મમ કરણી સામું જોશો,
તો અતિશય દેખાશે દોષો;
પણ નિજ બાળ ગણી પ્રભુ પોષો.
તારો.....સારો.....કાજને, દાદાજી. ૩

અગણિત નર નારી તેં તારી,
મુજ માટે શું થઈ ભિડ ભારી;
જૈનસભા લઘુ માગે સારી.
ભક્તિ...મુક્તિ...રાજને, દાદાજી. ૪

૧૧.

આ હાર જોઈ કાંઈ કાંઈ થાય જો, એ રાગ.

વહાલા શાંતિનાથ મહારાજ જો,
મનડું જિણંદમાં રમે;

મારા હૈયાના હાર શિરતાજ જો.
વંદન કરીએ અમે,
આવો જિણંદજી આવો મુણિંદજી;
આવો મારા હૈયામાં આજ જો,
છું રે અનાદિનો દાસ તમારો;
અરજી પ્રભુજી સ્વિકારો,
અરિહંતા. ભગવંતા. ગુણવંતા. હરચિંતા.
જયવંતા જિણંદજી. વહાલા. ૧
તારો સાહેબજી તારો મોહનજી,
વારો મારા પાપોને તાપ જો;
જન્મ જરા મરણાદિ નિવારો.
જૈનસભા લઘુ તારો,
ઉપગારી...બલિહારી...જિનતારી...જઉંવારી.
જયકારી જિણંદજી. વહાલા. ૨

૧૨.

સખી વિરહી જનની પીડ વિરહી જાણે છે,
એ રાગ.

જિનશાસનના શણગાર મહાવીર મન વસીયા,
પ્રભુ પામરપાળ દયાળ શિવવધુના રસીયા;
ભવરણ જય કરવા ધૂર શસ્ત્ર ક્ષમા કસીયા,
કરિ કર્મ રિપુ ચકચૂર મોક્ષ નગર વસીયા.

સાખી.

ચરમ જિનેશ્વર સાહેબો, અશરણ શરણ દયાળ;
દુર્ગતિ પડતા પ્રાણિને, પ્રભુ ધારણ કરે દયાળ,
ત્રિભુવનના સ્વામી,
કેવળ કમળા ઉર હાર, સુર રહે શિર નામી.
ભવિ ભ્રમર કરે ગુંજાર, પ્રભુ પદકજ પામી;
તે ઉતરે ભવજળ પાર, દુર્ગતિ દુર વામી.

સાખી.

ઘોર ઉપદ્રવમાં રહ્યા, સ્થીર ધીર મહાવીર,
મિત્ર શત્રુને સમ ગણી, વીર પામ્યા ભવજળ
તીર, ભવ ભ્રમણા વારી.
પ્રભુ અજર અમર પદ થાય, વંદે નર નારી,
લઘુ જૈનસભા ગુણ ગાય, જિનવર જયકારી;

પ્રણુમે સાંકળચંદ પાય, અરિહંત ઉપગારી.

૧૩.

રહી વસો હૃદયમણી રમણી, એ રાગ.

વસિ હૃદય શાંતિજિન ભક્તિ.
ગુણમણિ જિનતણી છબિ સારી,
શરણે. ચરણે. તારે. પ્યારે. આવિ રહીએ, વસિ. ૧
કુમતિના સંગથી મેં સુમતિ નિવારી છે,
અકૃતી. અરતી. વારો. તારો. પાપ હરીએ. વશિ. ૨
વિષય કષાય મોહ કોહથી કર્યાં અકાજ,
પગલે. પગલે. ભૂલ્યો. ડૂલ્યો નરભવ આ, વશિ. ૩
જૈનની સભાના બાળ વંદન કરે છે આજ,
નિરખી. હરખું. સ્વામી. પામી. પદકજને. વસિ. ૪

૧૪.

મારા હૈયા કેરા હાર નજર ક્યાં આવશે રે,
એ રાગ.

મારા જિનજી જગ શિરતાજ ગરિબને તારજ્યો રે,
કુમતિ સંગ નિવારી તાતજી ભવભિડ વારજ્યો રે,

રાગ દ્વેષ વૈરી સહુચારી.
ભવરણ જંગ મચાવ્યો ભારી,
દાસ ગણી નિજ મોહ સુભટ સંહારજ્યો રે. મા.
ચાર ચોરનો ભય છે ભારી,
આતમ ધન લૂટે છે દારી;
આઠ તેર અષ્ટાદશ ત્રેવીશ વારજ્યો રે. મા.
અનુભવ જ્ઞાનદીપક અજુઆળો,
મિથ્યા અંધકાર અઘ ટાળો;
બોધિબીજ આપી પ્રભુ પાર ઉતારજ્યો રે. મા.
મનમંદિરમાં આપ પધારો,
કૃતિયો મારી તાત સુધારો;
સાંકળચંદ સભા લઘુ જૈની તારજ્યો રે. મા.

૧૫.

ચાલોજી ચાલો સૌ મળી સાથ રે, એ રાગ.

ચાલોજી ચાલો ચેતન આજ રે,
જિન શરણે જઇએ;
સુખ દુઃખની વાતો કહીએ.

નરભવનો લ્હાવો લહીએ.
રહીએ સદા મન ધર ભાવમાં,
જિનના ગુણ ગાઇએ. ચાલોજી.
ચિર મળ વારી જિનજી અંગે ક્ષીરોદક ઢોળી,
મૃગમદ કેસર ચંદન શુદ્ધ બરાસ ઘોળી;
ભરી કનક કચોળી જિનજીને અંગે ચોળી,
પૂજે સાધરમી ટોળી ભવ ભવનાં પાતક ત્રોડી.
ભવિજન ભાવે પુષ્પ ચડાવે, જિન ગુણ ગાવે;
શિવસુખ પાવે, શરણે જિનરાજ રહીએ, ચા.

૧૬.

સત્ય ચરણ શરણ જગતનાથ. એ રાગ.

તરણ તારણ શરણ શ્રી જિનરાજ,
તાપ હરણ આપ ચરણ. તરણ તારણ૦
ખપે પાપ, જપું જાપ, ધરૂં છાપ, ઉરમાં વ્યાપ;
પાય નમું આજ, થાય સિદ્ધ કાજ. તરણ૦
ઈંદ્ર ચંદ્ર સુર વૃંદ, અતિ આનંદ ગાવે છંદ;
વાગે વીણા સાજ, ગાન તાન અવાજ. તરણ૦

ભ્રાત તાત વિશ્વખ્યાત, વાત સ્વામિ કહું એકાંત;
રાખ મારી લાજ, આપ અચળ રાજ. તરણુ૦

૧૭.

ડરમાં તું દિલ સાથ છોકરા, એ રાગ.

ધરમ ધુરંધર ધીર, વીર પ્રભુ ધરમ ધુરંધર ધીર;
ભવ દવ હરવા નીર, વીર પ્રભુ ધરમ૦
ઘોર ઉપદ્રવ સર્વ નિવારી,
મોહ સુભટ ભવરણુ સંહારી;
કર્મવલ્લિ તપ તેજે વિદારી,
ઘોર પાપ કરનાર ઉદ્ધારી;
વીર વર્યા શિવરમણી સારી,
(ગદ્ય–તારા ચરણુનું શરણુ, મરણુ ભય વારે છે)
દ્યો ભવસાગર તીર, વીર પ્રભુ–
દ્યો ભવસાગર તીર, વીર પ્રભુ ધરમ૦ ૧
પાપ અમાપ અનાદિનાં કાપો,
તાપ હરી વારો સંતાપો;
મ્હેર કરી મનમંદિર વ્યાપો.

સાંકળચંદ જપે જિન જાપો,
જૈનસભા લઘુ શિવસુખ આપો;
(ગદ્ય–સંસારના કાંતારમાં સત્ય શરણુ તારૂં છે.)
જય જય જંગ વડવીર, ચિરંજય–
જય જય જગ વડવીર, વીર પ્રભુ ધરમ૦ ૨

૧૮

જુઓ કેવી અજાયબી, એ રાગ.

મલ્લિનાથ મહારાજજી, વાત સુણો જિનરાજજી,
કર્યો કરમે મને રાંક (૨) કરો માફ મારો વાંક;
શરણુ કર્યું મેં આજજી, પ્રભુ શરણુ. મલ્લિ૦
કરી નિંદા અપાર (૨) કર્યો પાપ વ્યાપાર,
કહેતાં આવે છે મને લાજજી, પ્રભુ કે૦ મલ્લિ૦
નહીં જપ તપ ધ્યાન, (૨) કરી માન ભૂલ્યો ભાન;
દરીએ બૂડયું છે મારૂં ઝાજજી, પ્રભુ દ૦ મલ્લિ૦
ભજ્યા કુગુરુ કુદેવ (૨) તજી જિનરાજ સેવ,
કુમતિ નડી દગાબાજજી, પ્રભુ કુ૦ મલ્લિ૦
જપે જાપ ખપે પાપ(૨) મટે તાપને સંતાપ,

સફળ થાય સૌ કાજજી, પ્રભુ સ૦ મલ્લિ૦
કરૂં વિનતી દયાળ (૨) સુણો પામર પાળ,
જૈનસભા શિરતાજજી પ્રભુ જૈ૦ . મલ્લિ૦
પદકજ સેવ... આપો દેવ,
જય જય થાય...ભવ ભય જાય. મલ્લિ૦

૧૯.

શું અજબ બની નારી, અરે પ્યારી, એ રાગ.

વાહ અજબ મુરત સારી જિન તારી,
છે કંચનવરણી કાય, અનુપમ ઉપમા નહીં થાય;
વંદે પદ નર નારી, જિન તારી. વાહ. ૧
કંઠે મુક્તાફળ હાર, શિરતાજ મણિમય સાર;
આંગી અનોપમ ધારી, જિન તારી. વાહ. ૨
કેસર ચંદન ઘનસાર, ભવિ ભ્રમર કરે ગુંજાર;
નિત્ય ભક્તિ કરે સારી, જિન તારી. વાહ. ૩
માલતિ મોગર ગુલબાસ, જાઈ કેતકી ચંપક વાસ,
પ્રભુ અંગ ચડયાં ભારી, જિન તારી. વાહ૦ ૪
અઘઓાઘ મટે ભવતાપ, જે જપે સદા જિન જાપ;

તે ભવ ભ્રમણા વારી, જિન તારી. વાહ. ૫
લઘુ જૈનસભા ગુણ ગાય, પ્રણમે સાંકળચંદ પાય;
તારો ભવજળ. પારી, જિન તારી. વાહ. ૬

૨૦.

ચમકી ચમકી ચતુરા ક્યાં ચાલી, એ રાગ.

જિનજી (૨) મુજ પાપો કાપો,
નિજ શરણે સેવક સ્થાપો;
પ્રભુજી (૨) વારો ભવ તાપો,
જપું સતત તમારા જાપો. જિનજી૦ ૧
ભૂલ્યો (૨) નરભવની બાજી,
સમ ગણિ મેં ભાજી ખાજી;
વારો (૨) કુમતિ ભય ભારી,
સુમતિ આપો સુખકારી. જિનજી૦ ૨
તારો (૨) ભવ પાર ઉતારો,
મમ કૃતિયો અધમ સુધારો;
વંદે (૨) સુર નર નિશ દારી,
લઘુ જૈનસભા જયકારી. જિનજી૦ ૩

૨૧.

જાવોજી જાવોજી રાજાજી થઈ તમે, એ રાગ.

ચાલોજી ચાલોજી જિન હરખાર તમે,
ચરણ કમળ ઈંદ્ર ચંદ્રાદિ દેવ નમે;
તાપ ત્રિવિધ જિન જાપથી ઉપશમે,
સંસારમાં ભવિ ભૂલા ન ફેર ભમે;
ત્રિકરણ શુદ્ધ કરી પૂજો પવિત્ર.
ચરણે ચીત, રાખી પ્રીત, ગાવો ગીત,
સુખ અમીત, લહીએ નીત્ય, મટે ભીત ચા.
વહાલા જિણંદ તારૂં શરણુ કર્યું છે અમે,
ચિત્ત ચકોર શશિ જિનમુખ દેખિ ગમે;
મન મધુકર તારા ચરણકમળ રમે,
રાગ દ્વેષ વૈરી ચોર ન ચાર દમે,
જૈન સભા લઘુ કરે પોકાર.
ભર ભંડાર, સુખ દાતાર, કરજ્યો વાર,
દીનોદ્ધાર, ભવજળ પાર, દ્યો શિવ સાર. ચા.

૨૨.

રાગ પીલુ બરૂવો.

મોહની છે જાગીરે મોહની છે જાગીરે. એ રાગ.

ભક્તિ શુભ જાગી રે ભક્તિ શુભ જાગી રે,
જિનમુખ જોવાની લય લાગી;
બીડ મુજ ભાગી રે, ભક્તિ શુભ૦
ક્ષીરોદક પ્રભુ અંગ પખાળું,
આતમ મેલ અનાદિનો ટાળું;
પાપ પુંજ જિન જાપથી બાળું.
ઉભય વર્ગ ઉત્તમ અજુવાળું. ભક્તિ. ૧
કેસર ચંદન મૃગમદ ઘોળી,
અત્તર અંગ વિલેપન ચોળી;
પૂજા કરૂં ભરિ કનક કચોળી,
સાથ મળી સાધરમી ટોળી. ભક્તિ. ૨
આંગી અનુપમ અંગ રચાવું,
માલતિ મોગર પુષ્પ ચડાવું;
ભક્તિ સહિત ભલી ભાવના ભાવું,

ગાન તાનથી જિન ગુણ ગાવું. ભક્તિ. ૩
કંસ તાલ ડફ્ફ વીણા વાજે,
તાથેઈ તાથેઈ નાટક છાજે;
સાંકળચંદ ઉરે જિનરાજે,
જૈનસભા લઘુ વંદે આજે. ભક્તિ. ૪

૨૩.

શું પિતાજી આમ જશો રખિને રખડતાં,
એ રાગ.

શું દાદાજી આમ છેક અમને વિસાર્યા,
તાત તારા બાળને બે વૈરીએ વિદાર્યા. શું દા.
નાભીના નંદ ભવ ફંદ નિવારો,
શું અનાદિ દાસ તારા ધાર્યા નકારા. શું દા.
નાથ વિના કોણ અમને ઉગારે,
ચાર ચોર ઘોર માર મારે હત્યારા. શું દા.
કુમતિ ધૂતારીએ કેડ ન મૂકી,
શું અધમ કામ પ્રભુ કહીએ અમારા. શું દા.
મોહ મલ્લે ભવ રણમાં ઘેર્યા,

વિષય કષાય મદ ફોજે માર માર્યા. શું દા.
જૈનસભા લઘુ સાંકળચંદે,
ચરણ ગ્રહ્યા જિનરાજ આજ તારા. શું દા.

૨૪.

સૈયર સુખકર સંસાર, એ રાગ.

ચાલો ચાલો રે ચતુર નર આજ, વીર મુખ જોવાને,
વહાલોવહાલોરે નમું શિરતાજ ભવ દુઃખ ખોવાને;
ભવદુઃખ ખોવા અઘમળ ધોવા.
જોવા મુખ જિનરાજ રે,
ભરમ તિમિર ભવ ભવનાં હરવા;
તરવા ભવજળ ઝાજ. વીર. ૧
ત્રિશલા નંદન વંદન કરીએ,
ધરીએ પ્રભુનું ધ્યાન રે;
તરીએ ભવદરીએ જય વરીએ,
હરીએ મદ અજ્ઞાન. વીર. ૨
કલ્પવૃક્ષ કળિકાળે સાચો,
જાચો વંછિત દાન રે;

ભવિજન મન કજ કરે વિકસ્વર,
જગદીશ્વર જગ ભાણુ. વીર. ૩
કર્મ કટકનો ભય હરવા વિર,
ધીર વીર ગંભીર રે,
ધર્મ ધુરંધર જન મન તનના,
તાપ નિવારણ નીર. વીર. ૪
જિન પદકજ મન મધુકર સેવે,
સેવક સાંકળચંદ રે;
જૈનસભા લઘુ શિવસુખ માગે,
ટાળો ભવ ભય ફંદ. વીર. ૫

૨૫.

માઢ.

વીરા વેશ્યાના યારી ઉભા અટારી, એ રાગ.

પ્રભુ શાંતિ જિણંદા પાપ નિકંદા.
પ્રણમું તમારા પાય,
તમે અચિરાના નંદા પરમ મુણિંદા;
પાપ નિકંદા, પ્રણમું તમારા પાય. એ ટેક.

શાંત સુધારસ મુરતિની સુરતિથી,
શરદ શશિ ઉજવાય;
તેજથી રવિ ચક્રવાળ ભમીને,
પશ્ચિમ જળધિમાં જાય,
નમે સકળ સુરિંદા, જ્ઞાન દિણંદા;
પાપ નિકંદા, પ્રણમું તમારા પાય. ૧
ધ્યાન ધરે મતિમાન તમારૂં,
નવનિધ ઋધ સિધ આય,
આધિ ઉપાધિની વ્યાધિ વિદારે,
શાંતિ મહોદય થાય;
હરો ભવ ભય ફંદા, શીતળ ચંદા,
પાપ નિકંદા, પ્રણમું તમારા પાય. ૨
અજર અમર અઘ ઓઘ નિવારો,
તારો ત્રિભુવન તાય;
પદકજ પ્રણમે જૈનસભા લઘુ,
સાંકળચંદ ગુણ ગાય;
આજ આનંદ કંદા, શાંતિ જિણંદા,

પાપ નિકંદા, પ્રણુમું તમારા પાય. ૩

નાચ.

૨૬.

જય જય જય જિનરાજ નમું,
ભવ ભ્રમણામાં ફરિ ન ભમું, જય જય જય.
જિનરાયા જિનરાયા જિનરાયા જિનરાયા (૨)
મન ધ્યાયા ગુણુગાયા સુખપાયા સુરરાયા.(૨)
નંદીશ્વરે......ભક્તિ કરે, (૨)
ગીત ગાનમાં...એક તાનમાં (૨)
જયકારી સુખકારી ઉપગારી ઉદ્ધારી ત્યોં,
જિનરાજ, જય જય જય જિનરાજ નમું; ભવ.

સાખી.

ભવ નાટકમાં નાચતાં, જરી ન આવી લાજ;
લાજ તજી જિન આગળે, નાટક કરીએ આજ.
આજ આ સમાજ, નાચે છે જાચે છે માચે છે
રાચે છે. થેઈ...થેઈ...થેઈ કાર, જય જય.

૨૭.

હૃદય સહ્બુદ્ધિ નહીં ધારી, એ રાગ.

પાસજી અરજી ઉર ધારો,
પાપ ભવ ભવનાં પરિહારો;
વિકટ આ ભવ રણ નિસ્તારો,
દયા કરી દિનાનાથ તારો;
વામા નંદન કર્મ નિકંદન,
ભવ ભય ભંજન દેવ;
મોહ તિમિર હર અભિનવ ભાનુ,
સારે સુર નર સેવ, દેવ હું સદા દાસ તારો;
ટેવ ભવ ભ્રમણાની વારો. પાસજી. ૧
રાગ દ્વેષ ને ચાર ચોરનો,
ભય વારો મહારાજ;
કુમતિ વારી ભવજળ તારી,
દ્યો શુભ અવિચળ રાજ, કાજ નિજ સેવકનાં સારો;
આજ લઘુ જૈનસભા તારો. પાસજી. ૨

૨૮.

આવો કુમકુમને પગલે. એ રાગ.

મનમંદિર આવો સ્વામી, જગ જનના અંતરજામી;
જિનરાજ તમે નિરાગી, સેવક તારો છે રાગી,
પ્રભુ પ્રીત અનાદિની વારી, મુજને મૂક્યો વિસારી,
કરુણાનિધિ કરુણા લાવો,નિજ દાસ કહી બોલાવો;
નહીં ખોટ ખજાને સ્વામી, શી દીઠી મુજમાં ખામી,
મમકૃતિયો અધમ સુધારો,આ ભવસાગર નિસ્તારો,
તું સમરથ સાહેબ સાચો, હું ભવનાટકમાં નાચ્યો,
આ અરજી આપ સ્વિકારો, લઘુ જૈનસભાને તારો.

૨૯.

સુતા શું રે આંહી, એ રાગ.

જિણંદ જયકારી. (૨)
વહાલા રે ઉતારો ભવજળ પાર, જિણંદ.
વિશ્વ વિખ્યાતા ત્રિભુવન ત્રાતા પરમ ધરમ
દાતાર, નિરાધાર આધાર...જિણંદ. વા. ૧
કરુણાસાગર તું પરમેશ્વર, જગદીશ્વર જિનરાજ.

સફળ કરો મમ કાજ...જિણંદ. વા. ૨
પાપો, કાપો, શિવસુખ આપો. વ્યાપો મન ઘર
માંય જૈનસભા લઘુ ગાય...જિણંદ૦ વા. ૩

૩૦.

હાય થઈ અતિ હાની, એ રાગ.

પ્રભુ દો ભવજળ તારી, જગ તાત બાળ ધારી,
પ્રભુ.
કુમતિ કુલટાએ ભરમાવ્યો, જાણ્યો નહી મેં મર્મ,
હું ભૂલી ગયો નિજ ધર્મ (૨) કર્યાં કુકર્મ.
રાત દારી, પ્રભુ. ૧
રાગ દ્વેષ ને ચાર કષાયે, લૂટ્યો ભરી બજાર;
મેં કર્યો ઘણો પોકાર (૨) કરો મમ વ્હાર,
દાસ ધારી. પ્રભુ. ૨
વિષયઅંધ મતિમંદપણાથી, પરરમણી પર પ્યાર;
પરનિંદાથી ફિટકાર (૨) અરે ધિક્કાર,
કૃતિ મારી. પ્રભુ. ૩
નરભવ ચિંતામણિ હું હાર્યો, ભજ્યા ન–

જિનવર દેવ, મેં કરી નહીં તુજ સેવ (૨)
અનાદિ કુટેવ, રહી જારી, પ્રભુ. ૪
સાંકળચંદ સભા લઘુ જૈની, તારો દીન દયાળ;
પ્રભુ જીવદયા પ્રતિપાળ. (૨)
બિરુદ સંભાળ, આશ તારી. પ્રભુ. ૫

૩૯.

સનનન સોહે શાંવરીયાં શામ, એ રાગ.

નેમ નગીના વાળો રથ આમ,
સામળી સુરત પર વારી વારી જાઉં હું. નેમ.
આઠ ભવાંતર પ્રીત નિવારી,
નવમે કુંવારી મૂકો નહીં શામ;
સુણ્યો પોકાર પશુનો પ્રીતમજી,
રાણિની વાત સુણી નહીં નામ. સા. નેમ ૧
સીતાનું હરણ કરાવ્યું તેં હરણા,
ચંદ્રને કીધો કલંકિત આમ;
મારી વખત પણ ભાઈ તું ભૂંક્યો,
શું મેં બગાડ્યું વીરા તારૂં કામ. સા. નેમ. ૨

કરપીડન પ્રભુ ચોરીમાં ન કર્યું,
હાથ ધરી શિર દો શિવધામ;
દંપતિ સિદ્ધ થયાં જયવંતા,
જૈનસભા લંઘુ કરે પ્રણામ. સા. નેમ. ૩

૩૨.

(ગરબો.)

પ્રભુ પાસ જિણંદ મને તારજ્યો રે લોલ,
તુજ દાસ કરે પોકાર રે;
કુમતિ ધૂતારીને વારજ્યો રે લોલ.
રતિ અરતિમાં મન મૂઝાય,
હાં હાં રે શુભ કરણી ન કીધી;
આર્તધ્યાન રૌદ્રધ્યાન થાય.
જ્યાં ત્યાં રે ચાલે દુરબુદ્ધિ,
રાગ દ્વેષ વૈરી ચોર ચાર;
હાં હાં રે મન ઘર ધન લૂટે.
મોહ મલ્લ મારે ઘોર માર,
ક્યાં ક્યાં રે ચેતન જઈ છૂટે.

સાખી.

ભવ ભર દરીએ માહરૂં, ચડયું વહાણ ચકડોળ;
સમરથ નાવિક છો પ્રભુ, નડે ન અઘ વંટોળ.
ઓ પ્રભુજી રે મોહ કટકને વારો,
મારી કૃતિયો અધમ સુધારો;
મને ભવસાગરથી તારો.
પ્રભુ પ્રીત અનાદિની પાળો,
ઓ જિનજી રે અવર દેવ નહીં જાચું;
તુજ શાસન જાણ્યું સાચું,
કુદેવ કુગુરુ નહીં રાચું;
તું પામર પાળ દયાળો.
રોષ તોષ નહીં રે રહ્યા સમપણે,
ધરણ મેઘમાળી રે જે સમાન ગણે;
જરા વારિ કરી હરિ ઉપગાર,
હાં હાં રે શંખેશ્વર સ્વામી;
ત્રિભુવન જન આધાર,
હાં હાં રે રહે સુર શિર નામી.

જૈનસભા લઘુ તારજ્યો રે લોલ,
કરજ્યો ભવજળ પાર રે;
દાસ સાંકળચંદ ધારજ્યો રે લોલ.

૩૩.

તને સાબાશ બંધુ આ વાર, એ રાગ.
વીર તારોને ભવજળ પાર,
કરી ઉપકાર ધરી પ્યાર ઉદ્ધાર;
સંસારમાં ભય ભારી, રાગ દ્વેષ નડે દારી,
ચાર ચોરને નિવારી, હિતકારી લ્યો ઉગારી.
સંકટમાં સહાયકારી, જિનરાજ આશા તારી;
તું મુક્તિ દાતાર, પ્રભુ તારો આધાર. વીર.

૩૪.

આવો આવો વિજય હમારા, એ રાગ.
વારી વારી જાઉં બલિહારી, મુરતિ તમારી;
જગ જયકારી, શીતળ શીતળનાથ.
ધારી ધારી નયણુ નિહાળી, અમૃત કયારી;
મુરતી તમારી, જગ જયકારી. શીતળ૦

સાખી.

ભવ સાગર બૂડતા ઘણા, ઉધર્યા ભવ્ય અનાથ;
તાત તમારા બાળને, કરવો ઘટે સનાથ,
બારી બારી થાઉં આભારી, અહોં ઉપગારી;
કુતિયો સુધારી, મેળવ શિવપુર સાથ, વારી.

૩૫.

ત્રીતાળી ભેરવી.

નગીના રે નેહુ નજર કરી આજ, એ રાગ.

રંગીલા રે રથ વાળો જદુરાજ,
નેમ નગીના નિજ રાણીની;
અરજ સુણો મહારાજ. રંગીલા રે.
પ્રાણજીવન પ્રભુ હાર હૈયાના,
છો મમ શિરના તાજ. રંગીલા રે.
આઠ ભવાંતર પ્રીત વિસારી,
શું નહીં આવી લાજ. રંગીલા રે.
નાથ સબળ હું અબળા દાસી,
સફળ કરો મમ કાજ, રંગીલા રે. ૧

કલ્યાણી રે રાજુલ કર તું વિચાર;
આ સંસાર અસાર ચક્રમાં.
ભટકયા વારંવાર, કલ્યાણી રે.
ભવ નાટકમાં જીવે ભજવ્યા,
વેષ વિવિધ પરકાર, કલ્યાણી રે.
માત તાત સુત દારા ભગિની,
ઉલટ પલટ સંસાર, કલ્યાણી રે.
પ્રીત સગાઈ નથી કોઈ કોઈની,
ધરમ પરમ આધાર, કલ્યાણી રે.
પ્રભુજી રે વચન તમારૂં પ્રમાણ,
નાથ વિના કોણ પાર ઉતારે,
જે ભવસાગર વ્હાણ, પ્રભુજી રે.
હાથ ન ઝાલ્યો જો ચોરીમાં,
કર શિર દ્યો જગભાણ, પ્રભુજી રે.
દીક્ષા શિક્ષા અનુપમ આપી,
મેળવ શિવપુર ઠાણ, પ્રભુજી રે.
સાંકળચંદ સભા લઘુ જૈને,

દંપતિનું ધર્યું ધ્યાન, પ્રભુજી રે. ૩

૩૬.

મારી સાથે ચાલો ચાલો, એ રાગ.

આજ આનંદકારી મુરતિ તમારી,
શીતળ શીતળનાથ;
આવ્યો છું શરણે ચરણ તમારે.
હાથ ગ્રહો જગનાથ, આજ.
તાત તમારા બાળને તારો,
ભવ ભય ભીડ અમારી નિવારો;
જો કરુણા નિજ અંતર ધારો,
તો ભવસાગર પાર ઉતારો.
ભદ્દીલપુરના સ્વામી કુમતિ વાર વાર વાર,
કાળ અનાદિ સેવક અમને ધાર ધાર ધાર;
સંકટ મારાં વારી કર ભવ પાર પાર પાર,
જૈનસભા લઘુ બાળ ગણીને તાર તાર તાર.

૩૭.

સખી સુખ સંસારે શું જાણીએ રે, એ રાગ.

વહાલા જિનજી જગ જયકારી રે,
મારા પ્રભુજી પર ઉપગારી રે;
વહાલા વીરજી અરજી સ્વિકારી રે,
પધારો જિનરાજ મન મંદિરીએ રે.
અમે તરીએ ભવ ભરદરીએ, પધારો.

સાખી.

શાસન નાયક સાહેબો, અશરણ શરણ દયાળ,
ભાવઠ ભવની વારજ્યો, વહાલા વીરજી અરજી.
સ્વિકારી રે, પધારો જિનરાજ.
અરજુનમાળી ઉદ્ધર્યો, તાર્યો મેઘકુમાર,
કરુણાનિધિ ઉધારજયો વહાલા વીરજી અરજી
સ્વિકારી રે, પધારો જિનરાજ.
કર્મ વહ્નિને કાપવા, સમરથ છો જગનાથ;
કૃતિયો અધમ સુધારજ્યો, વહાલા વીરજી.
અરજી સ્વિકારી રે, પધારો જિનરાજ.
જૈનસભા લઘુ તારજ્યો, હરજ્યો અઘમળ તાપ,
હૃદયકમળમાં વ્યાપજો, વહાલા વીરજી અરજી

સ્વિકારી રે, પધારો જિનરાજ.

૩૮.

બાપુએ બે હાલ કીધા, એ રાગ.

કરી પાપજ જીવ રાચ્યો,ભવનાટકમાં નટ નાચ્યો;
કુદેવ કુગુરુને જાચ્યો, ધિક્કાર, આ વાર,
પરનિંદા કરી અપાર, ધરી શિર છાર,
અધમ માચ્યો, કરી. એ ટેક.
પરિગ્રહના આરંભથી, કર્યાં કુકર્મ અપાર,
ભારભૂત જનની કરી, કર્યો ન તત્વ વિચાર;
વિચાર, કર્યો ન લગાર, બન્યો લાચાર, ધિ. પર.
મોહજાળના પાસમાં, કુમતિ પડ્યો ગમાર,
વિષયઅંધ મતિમંદથી, પરરમણી પર પ્યાર;
એ પ્યાર, સકળ સંસાર, કરે ફિટકાર, ધિ. પર.
સમકિતને સરધા તજી, ભજ્યા ન શ્રી જિનરાજ,
બગલો થઈ જગને ઠગ્યો, જ્યમ તેતરપર બાજ;
દગાબાજ, તજી નિજ લાજ, કર્યાં કુકાજ, ધિ. પર.
સત્ય ક્ષમા શીળ આચરો, તજો અનાદિ કુટેવ,

જૈનસભા લઘુ શિખ ગ્રહી, ભજો સદા જિન દેવ;
જિનદેવ, કરી સુસેવ, લહો સુખમેવ, ધિ. ૫ર.

૩૯.

માર઼ો કુંવરં કોડીલો ઝુલે રે, એ રાગ.

મારો જિનજી જગ જયકારી રે,
મારો પ્રભુજી પર ઉપગારી રે;
ભવ ભયભંજન પાર ઉતારો,
તારૂં દર્શન આનંદકારી રે;
ચરણકમળ વંદુ પ્રભુ પ્યારા,
જનમ મરણને જે હરનારા;
તારા મુખડાંની બલિહારી,
તારી મૂરતિ મોહનગારી;
દેખી દિલ હરખાય, મને આનંદ ન માય,
મારાં પાતકડાં ધોવાય, સુખ થાય દુઃખ જાય;
તારી ભક્તિ પરમ સુખકારી રે, મારો જિ. ૧

૪૦.

પ્રણમીએ છે પ્રેમે તમને હે વિશંભરા, એ રાગ.

દિનદયાળ છો કૃપાળ પાર્શ્વ જિનવરા,
બાળને નિહાળ પ્રતિપાળ દુઃખહરા. દિન૦
અજર અમર અકળ રૂપ પરમપદ વર્યા,
ચરણકમળ અમર ભ્રમર થઈ અલંકર્યા;
કરમ ભરમ વારિ તાર સયળ સુખકરા. દિન૦
તરણ તારણ શરણ કરણ આવીયા અમે,
જનમ મરણ વારિ અચળ રાજ દ્યો તમે;
અખુટ નિધિથી આપતાં શું થાય જયકરા. દિન૦
તાત ભ્રાત વાત સુણ એકાંત ભયહરા,
વિકટ સમય જાદવોની વારિ તેં જરા;
જૈનની સમાજ આજ ગાય ગુણ ખરા. દિન૦

૪૨.

અહો જિનજી સુખજ કરતા, સુખકરતા દુઃખહરતા,
ભવજળ તરતા શિવરમણી વરતા. અહો જિનજી.
તજી મદ મમતા, મન્મથ દમતા ધરતા ધિરતા;
અમતા સમતા સુરનર નમતા, ફરી ભવમાં-
નહીં ભમતા, અહો જિનજી સુખજ કરતા.

સાખી.

ધન્ય ધરા પાવન કરી, ધરિ ચરણુંબુજ જેવ;
ભવિ ભવ ભીડ સકળ હરી, કરિ ઉપગાર સ્વમેવ.
જિનજીસદામનમાંગમતા,રહેતુજભક્તનહીંભમ૮
સંકટમાં સાહ્યકારી, જિનરાજ લ્યો ઉગારી;
ઉપગારી જઉં વારી, કૃતિયો મારી સુધારી.
તાત તારા બાળ ધારી, ભવોદધિથી ઉતારી,
જૈન લઘુ સભા તારી, કરો સદાના આભારી;
જિનજી રહો મન મંદિરે રમતા, અહો જિનજી.

૪૨.

સખી સુઝે ન કાંઈ રે, ચોટ્યા ચોટ્યા એ રાગ.
પ્રભુજી છો દયાળ રે, તારો તારો તાત હે કૃપાળ;
પામરપાળ લ્યો સંભાળ, પ્રભુજી. એ ટેક.
રાગ દ્વેષ ચોર ચાર, ગતિ ચાર રે બજાર;
લુટી ઠાર મારે માર, કરૂં કયાં હવે પોકાર. તા.૧
કર્યો કુમતિથી પ્યાર, ધર્યો છાર રે શિર ભાર;
તજી સુમતિ શ્રીકાર, કર્યો પાપનો પ્રચાર. તા.૨

મોહપાસ વિષય વાસ, થયો દાસ રે નિરાશ;
તિમિર વારિ કર પ્રકાશ, દીનાનાથ તારી આશ તા. ૩
દીઠો નાભિજીનો નંદ, થયો મંદ રે ભવફંદ;
લઘુ જૈન બાળવૃંદ, ગાય છંદ સાંકળચંદ, તા. ૧

૪૩.

સનનન સોહે સાવરીયા શામ, એ રાગ.

પાસ જિણંદા કરૂં છું પ્રણામ,
અજબ મૂરતપર વારી વારી જાઉં હું. પાસ.
અનળ થકી બળતાં પ્રભુ ઠાર્યો,
ફણિપતિ ધરણ થયો અભિરામ;
કમઠ ધરણ સમતુલ્ય પ્રભુને,
બલિહારી સમતા ગુણગ્રામ. અજબ. પાસ.
ભીડ સમય સંભાર્યા સ્વામી,
હરિ પર કરિ કરુણા જગ શ્યામ;
જરા નિવારી વિજય વધારી,
બિરૂદ ધર્યું શંખેશ્વર નામ. અજબ. પાસ.
પામરપાળ દયાળ કૃપાળુ,

અશરણુ શરણુ સફળ કર કામ;
જનમ જરા મરણાદિ નિવારો;
જૈનસભા લઘુ દો શિવ ધામ. અજબ. પાસ. ૩

૪૪.

રાગ કલ્યાણ.

પ્રિય જૈની સજ્જનો, આનંદ આજનો પડહ જય–
બજાવો શ્રી જિનરાજ નામનો.
સૌ મંગળમાં પહેલું મંગળ, શ્રી જિનવરનું નામ;
આધી વ્યાધી જાય ઉપાધી, સફળ થાય સૌ કામ.
મિથ્યા તિમિર હઠાવી આપે, અનુભવજ્ઞાન વિકાશ;
ભવિજન હૃદયકમળવિકસાવે, શ્રીજિનભાનુપ્રકાશ.
ભક્તિ સ્તુતિ જિનવરની કરતાં, વરતે મંગળ માળ;
પ્રતિદીનધર્મપ્રભાવવધેવળિ, જિનશાસનઉજમાળ.
જ્ઞાન સુધારસ પાનકરો ભવિ, ગાનતાન ધરીધ્યાન;
માનતજોમતિમાન સજ્જનો, અંતે મોક્ષ નિશાન.
શ્રી શંખેશ્વર તું પરમેશ્વર, જગદીશ્વર જિનરાજ;
સાંકળચંદ સભા લઘુ જૈની, તુજ પદ વંદે આજ.

૪૫.

ઓ મન હારિણી મને શે પ્રાસ થાય રે,

એ રાગ.

હે મલ્લિનાથ સ્વામી શરણુ રહું સદાય રે,
અજબ સુરત સુરતી છે સુંદર;
મને ભેટી લેઉં ભેટી લેઉં થાય રે. હે.
ભોયણીમાં જિનરાજ બિરાજે,
દશ દિશ કીરતી ફેલાય રે. હે.
શરદ પૂનમ શશિ જિનમુખ દેખી,
લાજે ક્ષીણુ થઇ જાય રે. હે.
જાત્રા કરી ભવિ પાતક વારે,
ભવ ભ્રમણુા ન ભમાય રે. હે.
રત્નજડિત આંગી પ્રભુ અંગે,
મુગટ મણિ શિર હાય રે. હે.
બાંહે બાજુબંધ સુંદર શોભે,
લળિ લળિ લાગું હું પાય રે. હે.
કેસર ચંદન ઘશિ ઘનસારે,

પૂજા કરૂં જિનરાય રે. હે.
માલતિ મોગર પુષ્પ ચડાવી,
ભકતેં કરૂં પવિત્ર કાય રે. હે.
સેવક સાંકળચંદ નમે નિત્ય,
જૈનસભા ગુણ ગાય રે. હે.

૪૬.

આત્મબોધ.

મરાઠી ચાલની ઠુમરી.

જીવ જો વિચારી આ ઘડી,
મદ ફોજ ચાર દિશા ચડી;
ભવચક્રમાં ભૂલો ભમ્યો,
ભુખ દુઃખ સંકટ બહુ ખમ્યો;
સંસારથી નહીં વીરમ્યો,
થાક્યો નહીં ભવ આથડી. જીવ.
નિજ સ્વાર્થમાં રાચી રહ્યો,
પરમાર્થને ભૂલી ગયો;
વિત મેળવી રાજી થયો,

જપ ના વળ્યો જરિ પા ઘડી. જીવ.
પરછિદ્ર મુખથી ઉચ્ચરી,
નિજ હાંક પિછોડી ધરી;
પર લક્ષ્મિ છળ કરિને હરી,
ભરિ આભ સાથે બાથડી. જીવ.
પરદારથી પ્રીતી કરી,
તે પાપની પોઠી ભરી;
નિંદા અધમ મુખ ઉચ્ચરી,
શું હાથ આવી રાખડી. જીવ.
નિજ દેહને લોભે દમ્યો,
શિત તાપ સહી વનમાં ભમ્યો;
તે ધૂળનો ઢગલો ધમ્યો,
જડિ ભાગ્ય બિન નહીં દામડી. જીવ.
સુમતિ સતીથી વીરમ્યો,
કુમતિ કુરંડાથી રમ્યો;
કુદેવ કુટગુરુને નમ્યો,
સમકિતની જડ વીછડી. જીવ.

નિજ શત્રુને મિત્રો કર્યા,
વળિ ચોરને ચિત્તમાં ધર્યા;
અઘ ઓઘ તારા વિસ્તર્યા,
ક્યાં દુષ્ટ મતિ આવી નડી. જીવ.
માતા પિતા સુતને ત્રિયા,
વળિ બંધુ વર્ગની વિક્રિયા;
એ મોહ કુટુંબ તણી ક્રિયા,
સંસારમાં બેડી જડી. જીવ.
જિનરાજને ભજ જીવડા,
ભવસિંધુમાં નાવિક વડા;
સુણુ વાત સાંકળચંદની,
કરૂં બંદગી પાયે પડી. જીવ.

૪૭.

કાનુડો ન જાણે મારી પીડ, એ, રાગ.

મારી વ્હારે આવો ઋષભ દયાળ રે
વિમળાચળ વાસી.
નરક નિગોદે ભમીયો, છેદન ભેદન ખમીયો;

નરભવ આયુ કાપે કાળ...કાપે...કરરરરરર.
વિષય કષાયે રાચ્યો, ભવના નાટકમાં નાચ્યો;
મોહરાયે મારી તાકી ફાળ, તાકી...તરરરર.
મારી વ્હારે. ૧

કેવળ કમળાના સ્વામી, જગજનના અંતરજામી;
આતમરામી ખામી ટાળ, ખામી.. ખરરરરરર.
કરમ કટકને દળજ્યો, અંતરમાં આવી મળજ્યો;
શાંત સુધારસ છાંટો આલ, છાંટો...છરરરરરર.
મ્હારી વ્હારે. ૨

મરુદેવી માતા જાયા, વનિતા નગરીના રાયા,
કુમતિ કુતરીથી થરકે બાળ, થરકે...થરરરર.
જૈન સભા લઘુતારી, શાંકળચંદ સુધારી,
દાદાજી દયો શિવ શ્રેણી હાલ, શ્રેણી સરરરર.
મ્હારી વ્હારે. ૩

કળસ.

હરિગીત છંદ.

જગતાજ શ્રી જિનરાજની,

સ્તુતિ રત્નમાળામાં રચી;
તે શ્રવણ કરતાં મુખ ઉચરતાં,
થાય અનુભવને રુચી;
અઘ ઓઘ પામે નાશ હૃદય,
પ્રકાશ થઈ ભવજળ તરો;
આ રત્નમાળ જિણંદ ગુણની,
કંઠમાં ભવિજન ધરો;
ભક્તિ સ્તુતિ જિનરાજની,
ભવ રોગ વારે આપદા;
આધી ઉપાધી વ્યાધિ વારિ,
સાધિ લ્યો શિવસંપદા;
વળિ સકળ મંગળ થાય,
જય વરતાય નવનિધ વિસ્તરો;
આ રત્નમાળ જિણંદ ગુણની,
કંઠમાં ભવિજન ધરો.

સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થનાર સદ્‌ગૃહસ્થોનાં નામ.

સંખ્યા.	નામ.
૨૦૧	શેઠ. માણેકચંદભાઈ કપૂરચંદ. મુંબાઈ.
૧૦૧	શેઠ. વીરચંદભાઈ દીપચંદ સી. આઈ. ઈ.
૧૦૧	શેઠ. અમૃતલાલ વાડીલાલ.
૧૦૧	શેઠ. મોતીલાલ ઘેલાભાઈ.
૧૦૧	શા. કસ્તુરચંદ શવચંદ.
૫૧	શા. ભીખાભાઈ ઉર્ફે હરીલાલ રતનચંદ.
૫૧	શા. કીલાભાઈ ઉજમશી ચોકશી.
૫૧	શા. તરભોવનદાસ શવચંદ.
૫૧	શા. વીરચંદ ઝવેરચંદ.
૫૧	શા. સાંકળચંદ ઘેલાસા.
૫૧	શા. લખમીચંદ લલુભાઈ.
૫૧	શા. મનુકચંદ ઉમેદચંદ.
૩૨	શા. શવચંદ કરમચંદ.
૨૫	શા. ડાહ્યાભાઈ મૂળચંદ.
૨૫	શા. હીરાલાલ હઠીશંઘ.
૨૫	શા. રઘુજી સાંકળચંદ કોઠ.
૨૫	શા. મનુસુખરામ છોટાલાલ.

૨૦ શા. રતનચંદ શવચંદ.
૨૦ શા. કાળીદાસ ઉમેદચંદ.
૨૦ શા. મણીલાલ દોલતચંદ.
૨૦ શા. મોતીલાલ છોટાલાલ.
૨૦ શા. મોહનલાલ મહોકમચંદ.
૨૦ શા. ભીખાભાઈ નહાલચંદ.
૧૬ શા. મંગળદાસ દોલતચંદ.
૧૫ શા. શકરચંદ મહોકમચંદ.
૧૧ શા. મણીલાલ ડુંગરશી.
૧૧ શા. પ્રેમચંદ પીતાંબરદાસ.
૧૦ ઝવેરી બાપાલાલ નરશીદાસ.
૧૦ શા. બાલાભાઈ મૂળજી.
૧૦ શા. મગનલાલ સાંકળચંદ.
૧૦ શા. વાડીલાલ ગોકળદાસ.
૧૦ શા. ચુનીલાલ પીતાંબરદાસ.
૧૦ શા. ચુનીલાલ સાંકળચંદ.
૧૦ શા. હેમચંદ રવચંદ.
૧૦ શેઠ. રતનાજી દલાજી. કારેલા, ભરૂચ.

૧૦ શા. સકરચંદ પાનાચંદ.
૧૦ શેઠ. લાલચંદ ખેતાજી. કારેલા, ભરૂચ.
૧૦ શા. સાંકળચંદ તરભોવનદાસ.
૧૦ શ્રી જૈનબોધબુદ્ધિપ્રકાશ સભા સાંણંદ મારફત (સદ્ગૃહસ્થો.)
૧૦ શા. પ્રેમચંદ વીરચંદ.
૧૦ શા. પોપટલાલ રાઘવજી મહેતા સાણંદ.
૧૦ શા. મણીલાલ બાળચંદ બારેજા.
૧૦ શા. કસ્તુરચંદ કેવળદાસ બારેજા.
૧૦ શા. જેહાલાલ તારાચંદ.
૧૦ શા. હરગોવનદાસ ગગલદાસ.
૧૦ શા. પુંજાભાઈ સરૂપચંદ.
૧૦ ડભોઈ આત્મારામજી પાઠશાળા.
૧૦ શા. પોપટલાલ મનસુખરામ.
૭ સોદાગર હેમચંદ કપુરચંદ.
૫ શા. મોહોલાલ દીપચંદ.
૫ શા. પુંજાભાઈ દેવચંદ.
૫ શા. ફતેચંદ મહાસુખરામ.

૫ શા. પ્રેમચંદ પોચાભાઈ.
૫ શા. છોટાલાલ ઘેલાભાઈ.
૫ શા. મણીલાલ મોહોલાલ.
૫ શા. ખુશાલભાઈ વલભરામ.
૫ શા. જમનાદાસ તારાચંદ.
૫ શા. પોપટલાલ વરજલાલ બોરસદ.
૫ શા. છગનલાલ હઠીશંઘ.
૫ શા. ભગુભાઈ સાંકળચંદ.
૫ શા. બાલાભાઈ કચરાભાઈ.
૫ શા. આત્મારામ નથુભાઈ.
૫ શા. મણીલાલ મગનલાલ.
૫ શા. તારાચંદ પીતાંબર ગામ લાશી.
૫ શા. અમરતલાલ રવચંદ સાણંદ.
૫ શા. મણીલાલ પ્રેમચંદ સતીયા.
૫ શા. વાડીલાલ રતનચંદ.
૫ શા. નેમચંદ કચરાભાઈ.
૫ શા. વાડીલાલ દોલતચંદ.
૫ શા. વાડીલાલ અમુલખ.
૫ શા. ત્રીભોવનદાસ છગનલાલ.

૫ સોદાગર સકરચંદ હઠીશંઘ.
૫ શા. બાલાભાઈ લલુભાઈ.
૫ શા. ભગુભાઈ ફુલચંદ.
૫ શા. મહાસુખ કસ્તુરચંદ.
૫ શા. અંબાલાલ લીલાચંદ. દેગામ.
૫ શા. નાનાલાલ રાગજી.
૫ શા. મગનલાલ છગનલાલ.
૫ શા. જેશંગ રવચંદ ગામ લાલી.
૫ શા. વીઠલદાસ મોતીચંદ.
૫ શા. દલપત લલુભાઈ.
૫ શા. સુરજમલ મનસુખરામ.
૫ શા. પોપટલાલ ખેમચંદ.
૫ શા. ગોકળદાસ બેહેચરદાસ.
૫ શા. મુળચંદ હકમચંદ.
૫ શા. બાલાભાઈ હકમચંદ.
૫ શા. વાડીલાલ સાંકળચંદ.
૫ શા. મગનલાલ ઘેલાભાઈ.
૫ શા. વાડીલાલ હરીલાલ.

૫ શા. મોતીલાલ મહાસુખ.
૫ શા. કચરાભાઈ હરખચંદ.
૫ શા. ચકુભાઈ ફતેચંદ.
૫ શા. પોપટલાલ ચુનીલાલ.
૫ શા. ચુનીલાલ હકમચંદ. ઊંઝા.
૫ શા. મોહોલાલ મગનલાલ.
૫ શા. ગીરધર પરશોતમ.
૫ શા. નેમચંદ પાનાચંદ.
૫ શા. હઠીશંગ મગનલાલ.
૫ શા. ભગુભાઇ કેવળદાસ.
૪ શા. મુળચંદ ડાહ્યાભાઇ.
૩ નાથાલાલ છગનલાલ ડાકટર બોરસદ.
૩ શા. હીરાલાલ મગનલાલ.
૩ શા. સકરચંદ દલસુખરામ.
૩ શા. કેવળદાસ જેઠાસા.
૩ શા. કેશવલાલ છગનલાલ.
૨ શા. વાડીલાલ નગીનદાસ.
૨ શા. સાંકળચંદ અમીચંદ ગાંધી બોરસદ.

૨ શા. ભોગીલાલ છગનલાલ.
૨ શા. મોતીલાલ મંછારામ.
૨ શા. મોહોલાલ છગનલાલ.
૨ શા. ગોવિંદલાલ બાલાભાઈ.
૨ શા. શકરાભાઈ તલકચંદ.
૨ શા. ફકીરચંદ કીલાભાઈ.
૨ શા. સુરજમલ મનસુખરામ.
૨ શા. અમરતલાલ મહોકમ.
૨ શા. ત્રીકમલાલ સાંકળચંદ.
૨ શા. હરચંદ રતનચંદ.
૨ શા. વાડીલાલ મોતીચંદ.
૨ શા. મહાસુખરામ ઉમેદચંદ.
૨ શા. ચુનીલાલ લલુભાઈ.
૨ શા. ચુનીલાલ નથુભાઈ.
૨ શા. ચુનીલાલ મગન.
૨ શા. મોતીલાલ લલુભાઈ.
૨૦ એકેકના ગ્રાહકો સ્થળ સંકોચને લીધે તેમનાં નામ લખાણાં નથી.

કુલ (૧૮૦૯)

સૂચના.

આ પુસ્તક મળવાનાં ઠેકાણાં.

શ્રી લઘુ જૈનધર્મપ્રવર્તક સભામાંથી અમદાવાદમાં ઘુસાપારેખની પોળમાં પેસતાં શેઠ પુરુષોત્તમદાસ પુંજાશાના મકાનમાં સભા બેસે છે ત્યાંથી સાંજના છથી આઠ કલાક સુધીમાં

શા. સારાભાઈ હરીલાલની દુકાનેથી અમદાવાદમાં ધાંચીની પોળ સામે.

શા. મણીલાલ ડુંગરશીની દુકાનેથી અમદાવાદમાં સાંકડીશેરીના નાકે.

